# ભારતીય સરહદે થતું પ્રસંશનીય શિક્ષણકાર્ય

ભીષ્મપર્વમાં કહેવાયું છે કે, "રાષ્ટ્રની સીમાઓ માતાના વસ્ત્રો બરાબર છે, તેનું રક્ષણ કરવું તે દરેક પુત્રની જવાબદારી છે. " આ રીતે જોતાં સરહદ પર વસતાં લોકોની દેશ માટેની ભાવના ખૂબ જ વધારે મહત્ત્વની બની જાય છે. દેશની સરહદ પર રહેતાં લોકોમાં રહેલી જાગૃતિ અને શિક્ષણ દેશના સંરક્ષણ માટે અત્યંત અગત્યના થઇ પડે છે. દેશનું સંરક્ષણ માત્ર સાધન સંરજામથી જ નહીં થઇ શકે, તે માટે બુદ્ધિ અને ચેતનારૂપી શક્તિની પણ જરૂર પડશે. આ માટે સરહદ પર વસતાં દરેક નાગરિકની નિષ્ઠા અને વફાદારી ટોચના સ્થાને હોવાં જોઇએ. આ કામ કહેવાથી કે ભાષણો આપવાથી નહીં આવે. તેનું સિંચન સંસ્કારરૂપે કરવું પડે અને સંસ્કાર બાળપણથી જ આપવા પડે. ત્યારે પ્રશ્ન થાય કે, દુર્ગમ વિસ્તારોમાં રહેતાં, પરાણે પેટીયું રળતા વાલીઓ પેલા સંસ્કારનું સિંચન કરી શકશે ખરા ? શું તેમની પાસે એવો સમય, શક્તિ અને આવડત છે ખરાં ? સરહદ પર દુર્ગમ વિસ્તારો, સવલતોના નામે મીંડું, છૂટી સવાયી વસ્તી જેવા કારણોસર શિક્ષણનું કાર્ય કરવું અઘરું થઇ પડે. માટે જ આ કામ દેશની સરકારે અને સમાજે ઉપાડી લેવું જોઇએ. સરહદ પરના વિસ્તારોમાં શિક્ષણનું કામ કરતી સામાજિક સંસ્થા વિશે ભારત- પાકિસ્તાન સરહદની મુલાકાત વખતે જાણવા મળ્યું. જે જાણીને સૌને નવાઇ, આનંદ અને ગૌરવની લાગણી થશે.

ભારતની સરહદ પર શિક્ષણનું કામ કરતી સંસ્થાનું નામ છે,"સીમા જન કલ્યાણ સમિતિ". જે અખિલ ભારતીય સંગઠન છે. જેની સ્થાપના ઇ.સ.૧૯૮૫ માં રામનવમીના દિવસે રાજસ્થાનમાં કરવામાં આવેલી. આ સંસ્થા સીમા સુરક્ષા, સ્વાસ્થ્ય અને શિક્ષણ પર કામ કરી રહી છે. સીમા જનકલ્યાણ સમિતિનો ઉદેશ દેશની અંદરના સીમા પર વસતાં ભારતીય સમાજમાં રાષ્ટ્ર ભક્તિની ભાવના પ્રબળ બને અને સીમા સરહદોની સુરક્ષા પ્રત્યે સમાજ જાગૃત તેમજ સંગઠિત થાય તે છે. હાલમાં ગુજરાત ઉપરાંત જમ્મુ, કશ્મિર, પંજાબ, ઉત્તરાંચલ, ઉત્તરપ્રદેશ, બિહાર, પ.બંગાળા, અસમ, આંધ્રપ્રદેશ જેવા રાજ્યોમાં આ સમિતિ કામ કરી રહી છે.

ગુજરાત રાજ્યમાં કચ્છ જિલ્લામાં સીમા જન કલ્યાણ સમિતિની સ્થાપના વર્ષ ૨૦૦૧માં ભૂકંપ બાદ સરહદ પર આવેલ ખાવડાથી એક કિમીના અંતરે મેઘપર ગામમાં છાત્રાલય શરૂ કરીને કરવામાં આવેલ છે. આ છાત્રાલયમાં કચ્છની સરહદી વિસ્તારોના છેવાળાના ગામડાઓના બાળકો કે જે ગરીબ અને જરૂરતમંદ જણાય તેમને ધો.૬ થી ૧૦માં કોઇપણ પ્રકારની ફિ લીધા સિવાય પ્રવેશ આપવામાં આવે છે. માત્ર તેમને રહેવા-ખાવા-પીવાની જ સગવદ આપવામાં આવે છે એવું નથી. અભ્યાસ માટે જરૂરી પુસ્તકો, નોટ્સ તેમજ અન્ય સામગ્રી પણ આપવામાં આવે છે. હજુ બે દિવસ પહેલાં ગુરુવારે જ આ છાત્રાલયના બાળકોએ અમદાવાદના સાયન્સ સીટીની મુલાકત પણ લીધી હતી. આ શાળા કે છાત્રાલયમાં કોઇપણ પ્રકારના જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર સૌ કોઇ જરૂરિયાતમંદ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવે છે. સંસ્થામાં પ્રવેશ મેળવનાર બાળકમાં તો રાષ્ટ્ર ભક્તિના રમગો ચિતરવામાં આવે જ ચે, પણ સાથે આસપાસના વિસ્તારોમાં પણ અવારનવાર વિવિધપ્રકારના કાર્યક્રમો યોજીને સમાજને જાગૃત કરવામાં આવે છે. માટે તો દર વર્ષે કચ્છમાં ભૂજથી સરહદ નજીક આવેલ કાળા ડુંગર સુધી પદયાત્રાનું આયોજન કરીને લોકોમાં ભાઇચારો અને એકતાનો ભાવ જાગૃત કરે છે, તેમજ સરહદની સુરક્ષા માટે વધુ જાગૃત બનાવે છે.

છાત્રાલયમાં રહેતા દરેક વિદ્યાર્થીને સરખું જ સન્માન આપવામાં આવે છે. દરેક વિદ્યાર્થીનો શારીરિક, બૌદ્ધિક, નૈતિક વિકાસ કરવા માટેની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તેમની પ્રવૃત્તિઓની વિશેષતા એ

છે કે, મોટાભાગની પ્રવૃત્તિઓ સાથે દેશના મહાન પુરુષોના નામ જોડવામાં આવે છે. ત્યાં સુધી કે કેમ્પસમાં રહેલા વૃક્ષોના નામ પણમહાન ભારતીયોના જ આપવામાં આવ્યા છે. છાત્રાલયમાં માત્ર સ્વદેશી ચીજ વસ્તુઓનો જ ઉપયોગ કરવામાં આવે છે. તેમ જ દરેક વિદ્યાર્થી પોતાના જન્મદિને સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિ માટેનો એક સંકલ્પ કરે છે.

સીમા જનકલ્યાણ સમિતિના સભ્યો કુટુંબ અને વિદ્યાર્થીઓની સાથે રક્ષાબંધનના દિવસે સીમા પરની દુર્ગમ ચોકીઓ પર ફરજ બજાવતા આપણા સૈનિકો પાસે અવશ્ય જાય છે. જ્યાં સૈનિકોને રાખડી બાંધી તેમના દીઘાયુ માટે ભગવાનને પ્રાર્થના કરે છે. એટલું જ નહીં સૈનિકો સાથે વાતચીત કરતાં જણાવે છે કે , અમે સૌ નાગરિક તમારી સાથે જ છીએ, અમને તમારા માટે ગૌરવ છે. આમ સૈનિકોના દિલમાં એક પરેમનું ઝરણું ઊભું કરે ચે, તેમનામાં જોસ રેડે છે.

સીમા જનકલ્યાણ સમિતિ દ્ધારા ઉપરોક્ત કાર્યો કરવા માટે સરકાર પાસેથી કોઇ જ ફંડ કે ગ્રાંટ લેવામાં આવતા નથી. સમાજના વિવિધ વર્ગના લોકોના સહકારથી જ આ કામ દેશભરમાં થઇ રહ્યું છે. ત્યારે શહેરી વિસ્તારોમાં સમાજ સેવાના બહાને માત્ર પૈસા જ કમાવાના હેતુથી શાળા-કોલેજો ચલાવતા સંચાલકો કરતાં ઉપરોક્ત દેશસેવાનું કામ કરતાં સંચાલકો હજારોગણું દેશ સેવાનું કામ કરી રહ્યાં છે. આવા દેશભક્ત સંચાલકોને સો સો સલામ. પૈસાના ઉદ્દેશથી શાળા કોલેજો ચલાવતા સંચાલકોએ ઉપરોક્ત જેવી સંસ્થાઓની મુલાકતો લઇને કશુંક શીખવું જોઇએ. જન કલ્યાણ સમિતિ જેવી સંસ્થાઓ ચલાવતા સંચાલકો ભાષણો કે બોધપાઠ આપીને દેશ સેવાનું કામ કરતા નથી. તેઓ સાચા અર્થમાં દેશ સેવા કરી રહ્યાં છે. તેમનામાંથી માત્ર દસ ટકા જ અનુકરણ કરવામાં આવે તો પણ ઘણું ઘણું છે. એટલું જ નહીં સમાજની અન્ય સંસ્થાોએ પણ તેમાંથી પ્રેરણા લેવા જેવી છે. સરકારે પણ આ અંગે કશું ક વિચારીને સરહદ પરના શિક્ષણ માટે અલાયદી યોજના કરવી જોઇએ. કારણ કે ત્યાંના દુર્ગમ વિસ્તારોમાં છૂટી સવાયી વસ્તીના બાળકોને જે તે સ્થળે તો શિક્ષણ નહીં આપી શકાય. પણ તેવા બાળકો માટે અલાયદી છાત્રાલય સાથેની શાળાો કરવી જોઇએ. તેમાં એકાદ બે વિષય સરહદની સમસ્યાઓ, ઉકેલો, સરહદીય વિસ્તારનું મહત્ત્વ જેવા વિષયો પણ રાખવા જોઇએ. શહેરમાં અભ્યાસ કરતાં બાળક કરતાં તેમનું શિક્ષણ અલગ ઢબથી અલગ વિષયો સાથેનું આપવું જોઇએ. સરહદી વિસ્તારોમાં નિવૃત સૈનિકના વસવાટ માટેની અલગ યોજના કરીને તેમને ત્યાં વસાવવા જોઇએ. કારણ કે, તેઓ દેશ દાઝથી ભરપૂર ભરેલા હોય છે અને સરહદી વિસ્તારથી પરિચિત પણ હોય છે. તેઓ સરહદની સમસ્યાઓ, જરૂરિયાતો જાણતા હોય છે. તેમની મદદ લઇને પણ શિક્ષણ સંસ્થાઓ શરૂ કરી શકાય. અંતે દેશસેવાનું કામ કરતી સીમા જનકલ્યાણ સમિતિને ફરીથી સો સલામ.